અનુસંધાન ... પાના પહેલાનું

કાશ્મીર ભારતનો મહત્વપૂર્ણ...

ખાસ કરીને ત્યારે જ્યારે પાકિસ્તાન આ પ્રદેશમાં વારંવારના નાપાક હરકતો કરી રહ્યું છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે મુલાકાત બાદ સર્જિયો ગોરે સુંદર ડલ ઝીલમાં શિકારાની સવારી કરી હતી, જેનો વીડિયો સામે આવ્યો છે. આ વર્ષે જાન્યુઆરીમાં ભારતમાં અમેરિકાના 27મા રાજદૂત તરીકેનો પદભાર સંભાળ્યા બાદ ગોરની જમ્મુ-કાશ્મીરની આ પ્રથમ મુલાકાત છે. તેઓ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની બે દિવસીય મુલાકાતના ભાગરૂપે બુધવારે શ્રીનગર પહોંચ્યા હતા. આ શિકારા સવારી એવા સમયે થઈ છે જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસન અને સુરક્ષા પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

મધ્ય પ્રદેશમાં...

સુનાવણીમાં શ્વાનનો માસ્ક પહેરેલા વ્યક્તિને સાથે લાવી રજૂઆત કરી હતી અને કહ્યું કે છેલ્લા 4 વર્ષમાં ખંડવામાં 13,225 લોકોને કૂતરાએ કરડ્યા છે. આ જ સમયગાળામાં શ્વાનોની નસબંદીના નામે રૂ. 40 લાખથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં રખડતા કૂતરાઓની સંખ્યા વધી રહી છે. વિરોધ દરમિયાન રાઠોડરે માસ્ક પહેરેલા વ્યક્તિને કૂતરા તરીકે રજૂ કર્યો અને કથિત ભ્રષ્ટાચાર સામે સવાલ ઉઠાવ્યા. તેમણે દાવો કર્યો કે 'શ્વાનની' નસબંદી થઈ હોવા છતાં તે 6 ગલૂડિયાંનો પિતા બની ગયો છે. આથી નસબંદી અભિયાન ખરેખર થયું છે કે નહીં તેની તપાસ કરવાની માગ કરી. રાઠોડરે કહ્યું કે ફરિયાદ નહીં સાંભળવામાં આવે તો આ 'શ્વાન' નગરપાલિકા સામે માનહાનિનો કેસ કરશે. તેમણે તેને 'ખૂબ શિક્ષિત અને બુદ્ધિશાળી' ગણાવી કહ્યું કે તેણે હાથ જોડીને અધિકારીઓ સમક્ષ ફરિયાદ રજૂ કરી છે. અધિક કલેક્ટર કાશીરામ બડોલેએ ફરિયાદ સાંભળ્યા બાદ તપાસ માટે સમિતિ બનાવવાની અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી.

અમેરિકામાં 18 સપ્ટેમ્બરથી...

માનવ તસ્કરીના પીડિતો અને અમુક ખાસ વર્ગના અરજદારોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે. વર્ષ 2023માં ગ્રીન કાર્ડ મેળવનારા 12 લાખ લોકોમાંથી આશરે 78,100 (7 ટકા) ભારતીયો હતા.

ભાવનગરમાં લઠ્ઠાકાંડની...

કરવામાં આવી હોવાની વિગતો બહાર આવતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે અત્યાર સુધીમાં ૧૫ પેટી જપ્ત કરી છે, જ્યારે બાકીની ૧૩ પેટી શોધવા દોડધામ શરૂ કરી છે. મુખ્ય સપ્લાયર ગૌતમ સોલંકી સહિત ૧૩ શખ્સને રાઉન્ડઅપ કરી પૂછપરછ શરૂ કરાઈ છે. મોડેથી ભાવનગરમાં જ ગાંધી કોલોની સામે આવેલ ગિલ્બર્ટ એપાર્ટમેન્ટના બીજા માળેથી સોનગઢની સરકારી સ્કૂલના શિક્ષક હિતેશ પરમારની શંકાસ્પદ હાલતમાં લાશ મળી છે. ઘરના સ્સોડામાં રોયલ સ્ટેગની અડધી ભરેલી બોટલ પણ પોલીસે જપ્ત કરી હોવાથી મોતનો આંક પાંચથી વધુ થવાની સંભાવના છે. ખરકડી ગામના વિશ્વરાજસિંહ ગોહિલની પોલીસ ભરતીમાં પસંદગી થતાં ૧૬ ઓગસ્ટની રાત્રે મિત્રો માટે દારૂની પાર્ટી યોજાઈ હતી. પાર્ટીમાં ઉપેન્દ્રસિંહ ગોહિલ, હરપાલસિંહ ગોહિલ અને જયદીપસિંહ ગોહિલ સહિતના મિત્રો હાજર હતા. પ્રાથમિક તપાસ મુજબ હાજર રહેલા કેટલાક લોકોએ 'રોયલ સ્ટેગ' નામની દારૂની બોટલમાંથી દારૂ પીધો હતો. ત્યારબાદ એક પછી એક લોકોની તબિયત લથડવા લાગી હતી. ઉપેન્દ્રસિંહ ગોહિલનું સારવાર દરમિયાન મોત થયું હતું. ત્યારબાદ કાર્તિક મકવાણા, કનકસિંહ ગોહિલ અને નરેન્દ્રસિંહ યાદવના મોતની માહિતી સામે આવી છે. ધનશ્યામસિંહ જાડેજાનું મોત પણ શંકાસ્પદ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જોકે, તમામ પાંચ મોત નકલી દારૂના સેવનને કારણે જ થયાં હોવાનું સત્તાવાર રીતે હજુ પુષ્ટિ પામ્યું નથી. ખાસ કરીને નરેન્દ્રસિંહ યાદવની અગાઉની મુસાફરીની વિગતોને પગલે તેમના મોતનું ચોક્કસ કારણ તબીબી તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

૨૦થી વધુ લોકો...

આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમદાવાદથી નેક્રોલોજિસ્ટ સહિતના નિષ્ણાત તબીબોની ટીમ ભાવનગર મોકલવામાં આવી છે. દારૂના નમૂનાઓ એફએસએલને મોકલવામાં આવ્યા છે. દારૂમાં મિથેનોલ કે ઇથેનોલનું પ્રમાણ વધુ હતું કે અન્ય કોઈ ઝેરી રસાયણની ભેળસેળ કરવામાં આવી હતી તે એફએસએલ અને તબીબી તપાસના અહેવાલ બાદ સ્પષ્ટ થશે.

૧૩ શખ્સો...

આવી રહ્યો છે. પોલીસે અત્યાર સુધીમાં સપ્લાય થયેલા જથ્થામાંથી મોટાભાગનો, આશરે ૯૦ ટકા જેટલો જથ્થો કબજે કર્યો હોવાનો દાવો કર્યો છે. બાકીના જથ્થાની શોધખોળ માટે પોલીસની અલગ અલગ ટીમો કાર્યરત છે. આ દારૂ ભાવનગર ઉપરાંત અમદાવાદ ગ્રામ્ય, ધોલેરા અને અન્ય વિસ્તારોમાં પહોંચ્યો છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

જેન ઝી સાથે...

સાંભળી શકે અને તેમને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ માટેની યોજનાઓ વિશે માહિતગાર કરી શકે. એવું જાણવા મળ્યું છે કે, શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને આ મુલાકાતો માટે યુનિવર્સિટીઓ અને મંત્રીઓ સાથે સંકલન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પણ આ આયોજિત પહેલ પર ચર્ચા કરવામાં આવી હતી. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) અનુસાર, દેશમાં 1,300 જેટલી યુનિવર્સિટીઓ છે, જેમાં 57 કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને 522 રાજ્ય યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય કાં તો ડીમ્ડ-ટુ-બી અથવા ખાનગી યુનિવર્સિટીઓ છે.

કેબિનેટમાં...

યુવાનો સુધી પહોંચે તે માટે વધુ પ્રયાસો કરવા જોઈએ. દેશના વિવિધ ભાગોમાં કથિત નીટ પેપર લીક વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો વચ્ચે પીએમ મોદીએ ખુદ પણ આ પહેલાં સોશિયલ મીડિયા દ્વારા અનેક પ્રસંગોએ વિદ્યાર્થીઓનો સંપર્ક કર્યો છે. તેમના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં, વડા પ્રધાને મફત ઓનલાઇન કોચિંગ, એઆઈ સ્કિલિંગ પ્રોગ્રામ, સ્પોર્ટ્સ ટેલેન્ટ હંટ અને સિવિલ ડિફેન્સ નેટવર્કના વિસ્તરણ સહિત યુવા-કેન્દ્રીત પહેલોની શ્રેણીની જાહેરાત પણ કરી હતી. પીએમ મોદીએ મેન્યુફેક્ચરિંગ, સ્પેસ અને ન્યુક્લિયર એનર્જીથી લઈને સેમિકન્ડક્ટર સુધીના ક્ષેત્રોમાં યુવાનો માટેની તકો પર પણ પ્રકાશ પાડ્યો હતો. નીટ પેપર લીકના વિરોધ પ્રદર્શનોએ દેશને હચમચાવી દીધા. ત્યારથી યુવાનો, ખાસ કરીને 'જેન ઝી' પર લક્ષિત સોશિયલ મીડિયા પહેલો સરકારનું મુખ્ય કેન્દ્ર રહી છે.

દિલ્હી ડાયરી...

તરીકે આશરે રૂ.૧૩.૪૯ લાખ અને 'અમલીકરણ યોજનાઓમાંથી રિફંડ' તરીકે રૂ.૩૨૪.૬૫ કરોડ મળ્યા છે. ફંડમાં યોગદાન ૨૦૨૦-૨૧માં સૌથી વધુ હતું, જે વર્ષે કોવિડની બીજી લહેરનો પ્રકોપ જોવા મળ્યો હતો. તે સમયે દેશનું દાન તરીકે રૂ.૭,૧૮૩.૭૭ કરોડ અને વિદેશી દાન તરીકે રૂ.૪૯૪.૯૩ કરોડ પ્રાપ્ત થયા હતા. પીએમ કેયર્સ ફંડ નોંધણી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે નોંધાયેલ છે.

જગદીપ ધનખડની જાહેર જીવનમાં વાપસી

મંગળવારે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (એસસીબીએ)ની ચૂંટણી માટે ચાલી રહેલા મતદાન દરમિયાન પૂર્વ ઉપપ્રમુખ જગદીપ ધનખડ પોતાનો મત આપવા પહોંચ્યા ત્યારે ત્યાં હાજર તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રહસ્યમય સંજોગોમાં ઉપપ્રમુખ પદેથી રાજીનામું આપ્યા પછી-જોકે તેમણે સ્વાસ્થ્યના કારણો દર્શાવ્યા હતા-તેઓ કોઈ પણ જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા નહોતા. એવું કહેવામાં આવી રહ્યું હતું કે, આ રાજીનામું રાજ્યસભાના અધ્યક્ષ તરીકેના તેમના કાર્યોને કારણે ઊભા થયેલા વિવાદોનું પરિણામ હતું. દેખીતી રીતે તેમણે કેટલીક બાબતોમાં સરકારની નારાજગી વહોરી લીધી હતી, જેનો કોઈ સાર્વજનિક હિસાબ ઉપલબ્ધ નથી. નિયુક્ત વરિષ્ઠ વકીલ ધનખડ ૧૯૯૦થી સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે, એક વિરામ બાદ, જે દરમિયાન તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ અને પાછળથી ઉપપ્રમુખ રહ્યા હતા, ધનખડે આ વર્ષની શરૂઆતમાં જ એસસીબીએનું પોતાનું સભ્યપદ પુનર્જીવિત કર્યું હતું.

નિર્મલા સીતારમણની વડા પ્રધાન મોદી દ્વારા પ્રશંસા

નાણામંત્રી નિર્મલા સીતારમણના નેતૃત્વ હેઠળ ભારતના આર્થિક વિકાસને મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તરફથી પ્રશંસા મળી હતી. સીતારમણને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવતાં વડા પ્રધાને એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, "તેઓ સશક્ત અને આત્મનિર્ભર ભારત બનાવવાના આપણા પ્રયાસોને વેગ આપી રહ્યા છે. ઈશ્વર તેમને દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન આપે." વડા પ્રધાનનો શુભેચ્છાઓ બદલ આભાર માનતાં નાણામંત્રીએ કહ્યું કે, પીએમનું માર્ગદર્શન તેમના માટે પ્રેરણારૂપ છે અને તેઓ વડા પ્રધાનના માર્ગદર્શન હેઠળ આર્થિક મોરચે રાષ્ટ્રીય લક્ષ્યોને પૂર્ણ કરવા માટે પોતાના પ્રયાસો ચાલુ રાખશે.

SURAT MUNICIPAL CORPORATION
BRIDGE CELL
E-TENDER NOTICE (ON LINE) NO. ACE & I/C CE/BRIDGE/04/2026-27
FIT INDIA

Tenders are invited for various works online https://smctender.nprocure.com from Government approved contractors with following schedule.

Name of the Department	Bridge Cell
No. of Work	01
Total Estimated cost of Tender	Rs. 3,05,86,338.10

Visit us at www.suratmunicipal.gov.in

Add. City Engineer (Civil)
& I/C City Engineer
Surat Municipal Corporation

No. P.R.O./195/2026-27
Date. 19-08-2026

Surat Municipal Corporation
South Zone-A (Udhana)
FIT INDIA
e-Tender (Online) invitation Notice No. DMC/SZ-A/06/2026-27

Tenders are invited for Various Dept. works online on https://smctender.nprocure.com from Government approved contractors with Following Schedule.

1	Name of the Department	LIGHT	ROAD	HOUSING	DRAINAGE
2	No. of Work	08	05	03	02
3	No. of Tenders	18			
4	Total Estimated cost of Tender	Rs. 3,804.80 Lacs			

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

Deputy Municipal Commissioner
South Zone-A (Udhana)
Surat Municipal Corporation

No. P.R.O./191/2026-27
Date: 19-08-2026

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીના નિયમો ૧૯૮૨ના નિયમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું બી. એ. જાડેજા, ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, અંકલેશ્વર, જી. ભરૂચ આથી શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચના વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી માટે નીચે જણાવેલ સ્થળ ને મતદાન મથક તરીકે જાહેર કરું છું.

અ. નં.	જૂથ/મતદાર મંડળનું નામ	મતદાન મથકમાં સમાવિષ્ટ ગામો	મતદારોની સંખ્યા	મતદાન મથકનું નામ અને સ્થળ
૧	નાંગલ	અંદાડા, અંકલેશ્વર, અડોલ, અંબોલી, ભડકોદ્રા, બોરીદ્રા (અંકલેશ્વર), બોરભાઠા બેટ, છાપરા, દીવી, દીવા, ગડોખોલ, કાપોદ્રા, માંડવા, પુનગામ જુના, પુનગામ નવા, પીરામણ, સુરવાડી, સામોર, સારંગપુર, ઉમરવાડા, નાંગલ, બોરભાઠા, કાંસીયા	૫૯૮	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૧
૨	સજોદ	અડાદરા, હજાત, હરીપુરા, કાનવા, પારડી ઈંદ્રીસ, સીસોદ્રા (અંકલેશ્વર), સજોદ, સરથાણ, કઠોદરા	૫૮૮	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૨
૩	માટીયેડ	સક્કરપોર, માટીયેડ, નવા ધંતુરીયા, તરીયા, દિગસ, હાંસોટ, મોઠીયા, શેરા, ઉતરાજ, અલવા, કાંટાસાયણ, અંભેટા (હાંસોટ), બાડોદરા, પારડી (હાંસોટ), વાસનોલી	૫૯૦	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૩
૪	વાલનેર	મોટવાણ, આસ્તા, માંગરોલ (હાંસોટ), કુડાદરા, કલમ, પરવટ, રોહીદ, રાયમા, સુણેવકલ્લા, વાલનેર, માલણપોર	૫૮૨	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૪
૫	સુણેવ ખુર્દ	અણીયાદરા, બોલાવ (હાંસોટ), બાલોતા, સુણેવખુર્દ, આસરમા નવા, ઈલાવ, સાહોલ, કોબા, ભાદોલ, વડોલી (ઓલપાડ)	૫૯૧	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૫
૬	કતપોર	ધમરાડ, આંકલવા, છીલોદ્રા, દંત્રાઈ, જેતપોર, કંટીયાજાળ, કતપોર, સમલી, વઘવાણ, વમલેશ્વર, પારડી કોબા, પારડી ઝાંખરી, ઠોઠબ	૫૮૮	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૬
૭	ઓભા	ઉટીયાદરા, ઓભા નવા, ઓભા જુના, આમોદ, આસરમા જુના, ડુંગરા, ઘોડાદરા, ખરચ, પંડવાઈ, પાંજરોલી, કુંવારદા, બોલાવ (ઓલપાડ), કીમ, કીમામલી, કઠોદરા (ઓલપાડ), મુલદ, ઉમરાછી, મોટી નરોલી, મોટા બોરસરા, સિયાલજ, ભાટકોલ, છમુછલ, કોઠવા, મોલવણ, પાલોદ, વાલેસા	૫૮૫	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૭
૮	કદરામા	અરીયાણા, અંભેટા (ઓલપાડ), ઓલપાડ, ઓરમા, આંધી, અસનાદ, ભગવા, ભટગામ, ઈશનપોર (ઓલપાડ), જીણોદ, કુદિયાણા, કુંકણી, કુવાદ, કાછોલ, કાસલા ખુર્દ, કમરોલી, કસાડ, મીઠી, મંદરોઈ, માસમા, નઘોઈ, નાની નેશ, નરથાણ, સીયાણા, સેગવાછામા, સેલુત, શેરડી, સોંદલા ખારા, સોંદલા મીઠા, સોસક, સરોલી, સરસાણા, ટકારમા, તળાદ, વેલુક, સિંથાણ, વિહારા, એરથાણ, અછારણ, અણીતા, અટોદરા, ભારૂંડી, દેલાડ, ગોલા, ગોથાણ, કદરામા, કોસમ, કાઝબ, કારેલી, કણભી, કન્યાસી, કરમલા, કંથરાજ, મોરથાણા, સીમલથુ, સીવાણ, સેગવા, સાદીયેર, સાયણ, ઉમરા, વસવારી, પીપોદરા, પાનસરા, લીડીયાત, લીમોદ્રા, સેગવા સ્યાદલા	૫૯૧	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૮
૯	વેલાછા	આલુંજ, ભાદી, બાકરોલ, ખરોડ, કરમાલી, પીલૂદ્રા, પાનોલી, રવિદ્રા, ભરણ, દિણોદ, ધામરોડ, હથુરણ, હથોડા, કોસંબા, કઠવાડા, મહુવેજ, મોટી પારડી, નંદાવ, નાના બોરસરા, પાણેથા, સાવા, તરસાડી (માંગરોલ), વેલાછા, વાંસોલી	૫૯૫	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૯
૧૦	લીંબાડા	શેઠી, આંબાપારડી, હરીયાલ, કરંજ (માંડવી), કોસાડી (માંડવી), નોગામા, રૂસવાડ, તડકેશ્વર, વરેઠી, આંકળોદ, આમનડેરા, આસોદલા, આસર્મા, ભડકુવા, ચરેઠા, ડુંગરી (માંગરોલ), ઘૂંટી, કોસાડી (માંગરોલ), કનવાડા, લુવારા, લીંબાડા, મોરઆંબલી, મોસાલી, માંગરોલ, નાની નરોલી, નાના નોગામા, રણકપોર, સુરાલી, સીમોદ્રા, વડોલી (માંગરોલ), વેરાકુઈ, વકીલપુરા, વસરાવી, ઝાખરડા, ઝંખવાવ, હરસણી, વડ, બોધાન, ગોડાવાડી, ઉશ્કેર, વીરપોર, વરેલી	૫૯૪	શ્રી પાંડુ કેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, રૂમ નં.-૧૦
૧૧	કંટવા	અવાદર, દઢાલ, જીતાલી, કોસમડી, પારડી મોખા, સેંગપુર, ઉછાલી, બોરીદ્રા (માંગરોલ), ગીજરમ, કંટવા, ભીલોડ, ચમારીયા, દેશાડ, કહેલી, ડણસોલી, ઘોડા, ગાંધુ, હીરાપોર, કોંઢ, કરા, કરસાડ, લુણા, મેરા, પણસોલી, સીનાડા, તુણા, વાલિયા, કોડવાડા, પીપરોલ, સિલુડી, ઘોળગામ, સોડગામ, ઈટકલા	૫૯૬	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, કોમ્પ્યુટર રૂમ
૧૨	મહિલા અનામત	ઉપરોક્ત મતદાર મંડળ ૧ થી ૧૧ માં જણાવેલ તમામ ગામો	૬૪૯૮	મતદારે જે તે મતદાર મંડળના મતદાન મથકમાં મતદાન કરવાનું રહેશે.
૧૩	મહિલા અનામત	ઉપરોક્ત મતદાર મંડળ ૧ થી ૧૧ માં જણાવેલ તમામ ગામો	૬૪૯૮	મતદારે જે તે મતદાર મંડળના મતદાન મથકમાં મતદાન કરવાનું રહેશે.
૧૪	અનુ.જાતિ / આદિજાતિ અનામત	ઉપરોક્ત મતદાર મંડળ ૧ થી ૧૧ માં જણાવેલ તમામ ગામો	૬૪૯૮	મતદારે જે તે મતદાર મંડળના મતદાન મથકમાં મતદાન કરવાનું રહેશે.
૧૫	નાના અને સીમાંત ખેડૂત અનામત	ઉપરોક્ત મતદાર મંડળ ૧ થી ૧૧ માં જણાવેલ તમામ ગામો	૬૪૯૮	મતદારે જે તે મતદાર મંડળના મતદાન મથકમાં મતદાન કરવાનું રહેશે.
૧૬	બિન ઉત્પાદક	બિન ઉત્પાદક ગ્રુપના તમામ સભાસદો	૧ થી ૯૪૦	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, ધોરણ-૧૦
૧૭	બિન ઉત્પાદક	બિન ઉત્પાદક ગ્રુપના તમામ સભાસદો	૯૪૧ થી ૧૮૭૨	શ્રી પાંડુકેશ્વર વિદ્યામંદિર, મુ. પંડવાઈ, તા. હાંસોટ, જી. ભરૂચ, સ્ટાફ રૂમ

સ્થળ : અંકલેશ્વર
તારીખ : ૧૯/૦૮/૨૦૨૬
માહિતી/ભરૂચ/૨૪૯/૨૦૨૬

(બી. એ. જાડેજા)
ચૂંટણી અધિકારી
શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પંડવાઈ
અને પ્રાંત અધિકારી, અંકલેશ્વર

એક્શન થ્રીલર, દેશભક્તિ ફિલ્મ
બટવારા 1947
સન્ની દેઓલ, પ્રિતિ ઝીન્ટા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
રોમાંચક લવસ્ટોરી
આવારાપન - 2
ઈમરાન હાશ્મી, ઈશા પટની
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
આવારાપન - 2
૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૦, ૭.૪૫, રાત્રે : ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૩૦
બટવારા 1947
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫
ઈન્સિડિયસ
(હિન્દી) હોરર : ૭.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
: 99984 46007
: @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
આજથી જુઓ હોરર ધ્રુજારીપૂર્ણ ફિલ્મ
ઈન્સિડિયસ
૭.૨૦, રાત્રે: ૯.૩૦ (હિન્દી)
સ્પાઈડર મેન
(હિન્દી) ૧૦.૦૦, ૧૨.૪૦, રાત્રે: ૯.૦૦
મારણ
ગુજરાતી : સવારે ૧૧.૩૫
ગેટ સેટ ગો
ગુજરાતી : સવારે ૯.૦૦
બટવારા 1947
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૩.૦૦, ૪.૦૦, ૫.૧૫, ૬.૧૦, રાત્રે: ૮.૦૦, ૧૦.૧૦, ૧૦.૪૫
આવારાપન-2
૮.૫૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૨૫, ૪.૫૦, ૫.૪૫, ૬.૧૫, ૭.૨૫, રાત્રે: ૮.૨૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
The End of Oak Street
(હિન્દી): 3.૧૦, ૫.૧૦
હીપ હીપ હુર્રે
ગુજરાતી: ૯.૩૫, ૨.૧૦, ૭.૨૫
ધમાલ-4
(હિન્દી): ૧૨.૪૫, ૪.૫૦, ૬.૪૫

RAJ IMPERIAL INOX
Booking Movie Tickets @ Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
આજથી જુઓ હોરર, ધ્રુજારીપૂર્ણ ફિલ્મ
INSIDIOUS
7.10 pm, 9.30 pm
બટવારા 1947
9.00 am, 9.55 am, 1.00 pm, 3.10 pm, 3.55 pm, 6.15 pm, 9.20 pm
સ્પાઈડર મેન
3D હિન્દી ATMOS : 9.00 am, 3.15 pm, 6.15 pm, 9.20 pm
ડીસી ધબ્બડી વૈલેન્ટાઈન
હિન્દી 12.10 pm
રોમાંચક લવસ્ટોરી
આવારાપન-2
ATMOS: 9.00 am, 10.00 am, 12.00 pm, 12.55 pm, 2.55 pm, 3.50 pm, 6.00 pm, 7.00 pm, 9.00 pm, 10.00 pm
રેગ્યુલર: 2.10 pm, 5.10 pm, 8.00 pm
The End of Oak Street
હિન્દી
9.00 am, 12.30 pm, 10.55 pm
ધમાલ-4 11.15 am

તુકારામ મુંધેએ શાહરૂખ ખાન, ટાઈગર શ્રોફ અને અજય દેવગણને પણ સપાટામાં લીધા છે

મહારાષ્ટ્રમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના વડા તુકારામ મુંધે સામે સ્થાપિત હિતો દ્વારા ચલાવાઈ રહેલી ઝુંબેશ પછી પણ તેમને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો સંપૂર્ણ ટેકો મળ્યો છે. તુકારામ મુંધેએ મહારાષ્ટ્રભર ખાદ્ય સુરક્ષા નિયમોના ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી કરી છે. તાજેતરમાં ગુજરાતી તખતાના અને હિન્દી ફિલ્મોના જાણીતા કલાકાર પરેશ રાવલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને વિનંતી કરી છે કે તુકારામ મુંધેની બદલી કરો. તુકારામ મુંધેની ફૂડ સેફ્ટી માટેની ઝુંબેશની ઘણા જાગ્રત નાગરિકોએ પ્રશંસા કરી છે, જ્યારે બોમ્બે હાઈ કોર્ટે તેની ટીકા પણ કરી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પહેલી વાર FDA ચીફ તુકારામ મુંધેની કાર્યવાહી પર ટિપ્પણી કરતાં કહ્યું કે FDAની કાર્યવાહી ખૂબ સારી રીતે આગળ વધી રહી છે. જો ખોરાકમાં ભેળસેળ હોય અથવા ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે, તો તે લોકોના જીવન અને સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઊભો કરે છે, તેથી, કડક કાર્યવાહી ચાલુ રહેશે.

શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઇગર શ્રોફ જેવા જાણીતા અભિનેતાઓ માટે તેમની વિમલ ઈલાયચી જાહેરાતને લઈને મુશ્કેલી વધતી જતી હોય તેવું લાગે છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ તાજેતરમાં ત્રણેય કલાકારોને નોટિસ ફટકારી છે. કમિશનર તુકારામ મુંધેએ આ મામલે એક મહત્ત્વપૂર્ણ નિવેદન જારી કર્યું છે કે નિયમો અને કાયદા બધા માટે સમાન છે અને આ મામલે કોઈ પણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં. આ મામલો ખાદ્ય સુરક્ષા અને ધોરણોના નિયમોનું કડક પાલન કરવાનો છે. FDA નિયમોની મુખ્ય જોગવાઈઓમાંની એક જાહેરાતો અને ભ્રામક દાવાઓ સાથે સંબંધિત છે. વિમલ કંપનીની જાહેરાત પાનમસાલા અને ગુટકા જેવા પ્રતિબંધિત ઉત્પાદનને પ્રોત્સાહન આપતી સરોગેટ જાહેરાત હોય તેવું લાગે છે. કાયદા સમક્ષ દરેક વ્યક્તિ સમાન છે અને આ સાંકળમાં સામેલ કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં. શાહરૂખ ખાન, ટાઇગર શ્રોફ અને અજય દેવગનને FDA દ્વારા જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિમલ ઈલાયચીની જાહેરાત વિમલ બ્રાન્ડને પ્રોત્સાહન આપે છે, જે મુખ્યત્વે પાન મસાલા અને ગુટકાના ધંધા સાથે સંકળાયેલી છે.

તુકારામ મુંધેએ મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનરનું પદ સંભાળ્યા પછી તેઓ સતત ઢાબાં, રેસ્ટોરાં, હોટલ અને વેરહાઉસ પર દરોડા પાડી રહ્યા છે. તેની શરૂઆત એક મિત્ર સાથે રેસ્ટોરન્ટમાં પનીરનું શાક ખાવાથી થઈ હતી. તુકારામ મુંધેએ તેમનું પદ સંભાળ્યું ત્યારે જ એક મિત્રએ તેમને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું. આ દરમિયાન તેમના મિત્રએ પનીરની વાનગીનો ઓર્ડર આપ્યો. જ્યારે પનીરની વાનગી ટેબલ પર આવી, ત્યારે મુંધેએ તેની કાળજીપૂર્વક તપાસ કરી. તેમને શંકા ગઈ કે રેસ્ટોરન્ટમાં વાસ્તવિક પનીરની જગ્યાએ કોઈ પ્રકારનું નકલી અથવા એનાલ